ગાંધીનગર સમાચાર

# આજે પીએસએલવી-સી ૨૩ લોંચ કરાશે

## શ્રીહરીકોટા સતીશ ધવન સ્પેશ સેન્ટરથી સવારે ૯.૫૨ વાગે લોંચ : પ્રિલોંચ પ્રવૃતિઓ પૂર્ણ

શ્રીહરિકોટા, તા.૨૯

પીએસએલવી-સી૨૩ના લોંચ માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આવતીકાલે સવારે ૯.૫૨ વાગે પીએસએલવી -સી૨૩ રોકેટ લોંચ કરાશે. પીસએલવી -સી૨૩ ને આવતીકાલે શ્રીહરિકોટામા સતીશ ધવન સ્પેશ સેન્ટર સહાર ખાતેથી લોચ કરવામાં આવશે ત્યારે સમગ્ર દુનિયાની નજર તેના પર કેન્દ્રિત રહેશે. પીએસએલવી-સી૨૩ રોકેટ તેની સાથે ૭૧૪ કિલોગ્રામના ફ્રેન્ચ અર્થ ઓબ્જર્વેશન સેટેલાઈટ સ્પોટ-૭ અને અન્ય ચાર સોટેલાઈટનો લઈનો રવાના થશે.ફ્રેન્ચ સેટેલાઈટની સાથે સાથે ૧૪ કિલોગ્રામાના જર્મનીના એસોટે, કેનોડાના ૧૫-૧૫ કિલોગ્રામના એનએલએસ૭.૧ અને એનએલએસ ૭.૨ અને



સિંગાપોરના સાત કિલોગ્રામના વેલોકસ -૧નો લઈનો પીએસએલવી-સી૨૩ ઉંડાણ ભરશે. તમામ પાંચેય સેટેલાઇટને લોંચ કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. અંતિમ ચકાસણી ચાલી રહી છે. મિશન રેડિનેસ રિવ્યુ કમિટી અને લોંચ ઓથોરાઈજેશન બોર્ડની બેઠક ૨૭મી જુનના દિવસે યોજાઇ હતી. જેમાં પ્રિલોંચ પ્રવૃતિની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. એલએબી તરફથી મંજૂરી મળી ગયા બાદ મિશન માટે ૪૯ કલાકનુ કાઉન્ટ ડાઉન શરૂ કરવામાં આવ્યું હતુ. રોકેટ સવારે ૯.૫૨ વાગે ઉંડાણ ભરશે. અગાઉ ઇસરોએ ૯.૪૦ વાગેનો સમય નક્કી કર્યો હતો. પરંતુ હવે તેમાં સુધારો કરી લોંચ ટાઈમ ૯.૫૨ વાગે કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઇસરોના પીએસએલવી સી ૨૩ના લોંચ માટે ૪૯ કલાક લાંબુ કાઉન્ટ ડાઉન ગઈકાલે સવારે શરૂ થઇ ગયું હતુ. શ્રીહરિકોટા સ્પેશપોર્ટ ખાતે કાઉન્ટ ડાઉનની શરૂઆત થઈ હતી. તમામ પ્રક્રિયા યોગ્ય રીતે આગળ વધી રહી છે. ઈસરોએ માહિતી આપતા કહ્યું છે કે સતીશ ધવન સ્પેશ સેન્ટર ખાતે સવારે ૮-૫૧ વાગે કાઉન્ટ ડાઉનની શરૂઆત કરાઈ હતી.સિંગાપોર, કેનેડા, જર્મનીના સેટેલાઇટને લઈને પીએસએલવી સી ૨૩ રવાના થનાર છે. ફ્રેન્ચ સેટેલાઈટ સ્પોટ-૭ અને કેનેડા, જર્મની અને સિંગાપોરના કો પેસેન્જર સ્પેશક્રાફ્ટ પણ રવાના થશે. ઈસરોએ વિદેશી દેશોના ૩૫ સેટેલાઈટ હજુ સુધી લોંચ કર્યા છે. ઈસરોએ કહ્યું છે કે આની તૈયારી ચાલી રહી છે. વિદેશી સંસ્થાઓની સાથે થયેલી સમજુતીના ભાગરૂપે આ તમામ સેટેલાઈટને લોંચ કરવામાં આવનાર છે. અગાઉ અનેક દેશોના સેટેલાઈટ લોંચ કરવામાં મદદ કરી ચુકી છે. ઈસરો અંતરિક્ષના ક્ષેત્રમાં મોટી સફળતાની દિશામાં સતત અગ્રેસર છે. ટોચના સંરક્ષણ વૈજ્ઞાનિકો અને અને લશ્કરી અધિકારી તેમજ ઈસરોના વૈજ્ઞાનિકો આ પ્રસંગે હાજર રહે તેવી શક્યતા છે. ભારત વધુ એક સિદ્ધી મેળવશે. ભારતે અંતરિક્ષના ક્ષેત્રમાં પહેલાથી જ કેટલીક સિદ્ધી મેળવી છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોન્ચ વેળા હાજર રહેશે

શ્રીહરીકોટા ,તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે પીએસએલવી-સી૨૩ લોંચ પ્રસંગે ખાસ હાજરી આપનાર છે. જેના કારણે સુરક્ષા વ્યવસ્થા મજબુત બનાવી દેવામાં આવી છે. શ્રીહરીકોટા અને ચેન્નાઈમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી રહી છે. ઈસરોના જણાવ્યા મુજબ વડાપ્રધાન સમયસર પહોંચી જશે. મોદી એરફોર્સના હેલિકોપ્ટર મારફતે શ્રીહરીકોટા જશે. ત્યારબાદ લોંચમાં હાજરી આપવામા આવ્યા બાદ ૧૧.૩૫ વાગે ચેન્નાઈ પરત ફરશે અને ૧૧.૪૦ વાગે દિલ્હી માટે રવાના થઈ જશે. વડાપ્રધાનની હાજરીને ઉપયોગી ગણવામાં આવે છે. કારણ કે મોદી સરકારે પહેલાથી કહ્યું છે કે અંતરિક્ષ અને અન્ય સંબંધિત મિસાઈલ ટેકનોલોજી મામલે ભારત ખુબ કટિબદ્ધ છે. આ ક્ષેત્રને ભારત સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. મોદી આ પ્રસંગે ઈસરોના ટોચના અધિકારીઓ અને વૈજ્ઞાનિક સમુદાય સાથે વાતચીત કરે તેવી શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલાથી કહી ચુક્યા હતા કે તેઓ લોંચ કાર્યક્રમમાં હાજરી આપનાર છે.



# એફઆઇઆઇ દ્વારા જુનમાં ૩૨૦૦૦ કરોડ ઠલવાયા છે

નવી દિલ્હી,તા. ૨૯

નવી નરેન્દ્ર મોદી સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારા એજન્ડાના કારણે વિદેશી રોકાણકારો ભારે ખુશ દેખાઇ રહ્યા છે અને ભારતીય બજારોમાં જંગી રોકાણ કરી રહ્યા છે. વિદેશી રોકાણકારોએ ભારતીય ઇક્વિટી અને ડેબ્ટ માર્કેટમાં આ મહિને ૩૨૦૦૦ કરોડનુ રોકાણ કર્યું છે. નવેસરના માર્કેટ આંકડા દર્શાવે છે કે વિદેશી રોકાણકારોએ ઇક્વિટીમાં ૧૩૭૬૪ કરોડ રૂપિયા અથવા તો ૨.૩ અબજ ડોલરની રકમ ઠાલવી છે. જ્યારે ડેબ્ટ માર્કેટમા ૧૮૧૮૮ કરોડ રૂપિયા ઠાલવ્યા છે. જેથી કુલ રકમ વધીને ૩૧૯૫૨ કરોડ સુધી પહોંચી ગઇ છે. નવેસરના આંકડા દર્શાવે છે કે આ મહિનામાં હવે માત્ર એક કારોબારી સેશન બાકી છે. માર્કેટ નિષ્ણાંતોના જણાવ્યા મુજબ નવી સરકાર જુદા જુદા ક્ષેત્રોમાં સુધારા પગલા લેનાર છે તેવી અપેક્ષા વચ્ચે રોકાણકારો જંગી નાણાં ઠાલવી રહ્યા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોને ઇક્વિટી માર્કેટના મુખ્ય ડ્રાઇવર તરીકે ગણવામાં આવે છે. આના કારણે જુન મહિનામાં હજુ સુી બીએસઇ ઇન્ડેક્સ સેન્સેક્સ ૩.૬૪ ટાકા સુધી વધ્યો છે. આ વર્ષની શરૂઆત થયા બાદથી વિદેશી રોકાણકારોએ ભારતીય ઇક્વિટીમાં ૫૯૫૬૮ કરોડનુ જંગી રોકાણ કર્યું છે. જ્યારે ડેબ્ટમાં ૬૪૩૦૭ કરોડનુ રોકાણ કરવામાં આવ્યું છે. જેથી કુલ રોકાણનો આંકડો વધીને ૧.૨૪ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે. તાજેતરના મહિનાઓમાં મજબુત મુડીપ્રવાહની સ્થિતી રહી છે. જેથી ભારતમાં વિદેશી રોકાણકારો દ્વારા કુલ રોકાણનો આંકડો ૧૯૧ અબજ ડોલર થઇ ગયો છે. જ્યારે આને રૂપિયામાં ગણવામાં આવે તો આંકડો નવ ટ્રિલિયન રૂપિયા અથવા તો નવ લાખ કરોડનો છે. મોદી સરકાર પાસેથી માત્ર ભારતીય લોકો જ નહી બલ્કે વિદેશી રોકાણકારો પણ ઝડપી સુધારાની અપેક્ષા રાખે છે. જેથી બજેટ સુધી તેજી રહેશે. બજેટમાં કેવા પગલા જાહેર કરવામાં આવે છે તે બાબત વિદેશી રોકાણકારો માટે પણ ઉપયોગી રહેશે. તેના આધાર પર દિશા નક્કી થશે. રોકાણકારો ભારતીય બજાર પર ચાંપતી નજર રાખે છે અને ત્યારબાદ રોકાણ કરે છે.

## સેંસેક્સમાં વધુ ૪૦૦-૫૦૦ પોઈન્ટના ઉછાળાની શક્યતા

નવીદિલ્હી,તા. ૨૯

સુધારા પગલાની આશા વચ્ચે શેરબજારમાં આ સપ્તાહમાં તેજી જોવા મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. શેરબજારમાં બજેટ પહેલાની તેજીના ભણકારા વાગી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે, ચાવીરુપ બીએસઈ અને નિફ્ટીમાં આ સપ્તાહમાં તીવ્ર સુધારો રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. બેંચમાર્ક સેંસેક્સ આગામી સપ્તાહમાં ૪૦૦થી ૫૦૦ પોઈન્ટ સુધરે તેવા સંકેત છે જ્યારે નિફ્ટીમાં ૧૫૦ પોઈન્ટનો સુધારો થવાની શક્યતા છે. ૧૦મી જુલાઈના દિવસે નાણા પ્રધાન અરુણ જેટલી કેન્દ્રીય બજેટ રજૂ કરનાર છે. આ બજેટથી સામાન્ય લોકોને ઘણી અપેક્ષાઓ રહેલી છે. એવી શક્યતા છે કે, આ સપ્તાહથી જ બજેટ પહેલાની તેજીની શરૂઆત થઈ જશે. આગામી સપ્તાહ સુધી આ તેજી જારી રહેશે. સંરક્ષણ અને રેલવે જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં એફડીઆઈ મર્યાદાના વધારવા બજેટમાં ચાવીરૂપ જાહેરાતો થઈ શકે છે. આ ઉપરાંત નાણાંકીય ક્ષેત્રોના સુધારાના સંદર્ભમાં પણ કેટલીક જાહેરાતો કરવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં બજારમાં તેજીની બાબત સ્વભાવિક દેખાઈ રહી છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે હાલમાં જ કેટલાક કઠોર નિર્ણય લીધા છે જેના લીધે બજારને માઠી અસર થઈ છે. મોદી સરકારને મજબૂત સુધારાલક્ષી તરીકે ગણવામાં આવે છે જેના લીધે બજારમાં તેજી આવી રહી છે. રેલવે દ્વારા હાલમાં જ યાત્રી ભાડામાં ૧૪.૨ ટકાનો તીવ્ર વધારો કરવામાં આવ્યો હતો જેના લીધે દેશભરમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. જુદા જુદા રાજકીય પક્ષોની સાથે સાથે સામાન્ય લોકો પણ વિરોધ પ્રદર્શન માટે માર્ગો ઉપર આવી ગયા છે. આજ કારણસર તેજી ઉપર બ્રેક મુકાઈ છે પરંતુ બજેટમાં કેટલાક હકારાત્મક પગલાની શક્યતા દેખાઈ રહી છે. આની સીધી અસર બજાર પર થશે. સેંસેક્સમાં ૪૦૦થી ૫૦૦ પોઈન્ટના ઉછાળાની બાબત સાથે કેટલાક નિષ્ણાતો સહમત નથી પરંતુ શેરબજાર સાથે સંકળાયેલા લોકો આને સંપૂર્ણપણે યોગ્ય ગણે છે.

## અમરનાથ દર્શન માટે પહોંચી રહેલા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ

જમ્મુ,તા. ૨૯

અમરનાથ યાત્રાની શરૂઆત થયા બાદથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. શરૂઆતી દિવસોમાં જ હજારો શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. અમરનાથમાં લોકો વધી રહ્યા છે જેથી સાવચેતીના તમામ પગલા તંત્ર દ્વારા લેવામાં આવી રહ્યા છે.પ્રાપ્ત અહેવાલ મુજબ નોંધાયેલા શ્રદ્ધાળુઓ કરતા નોંધણી નહી કરાવનાર શ્રદ્ધાળુઓ વધી રહ્યા છે. હજારો લોકો પવિત્ર શિવલિંગના દર્શન કરી ચુક્યા છે. હજારો શ્રદ્ધાળુઓ પહેલાથી જ ગુફા સુધી પહોંચી ગયા હતા જેથી નોંધાયેલા શ્રદ્ધાળુઓને ધક્કા ખાવાની ફરજ પડી હતી. ભારે અંધાધુંધી ફેલાવવાની શક્યતા દેખાઈ રહી છે. ખરાબ હવામાનની સ્થિતીમાં હજારો નોંધાયેલા શ્રદ્ધાળુઓને બિન નોંધાયેલા શ્રદ્ધાળુઓના કારણે તકલીફ પડી હતી. એક અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું હતું કે હજારો શ્રદ્ધાળુઓ અમરનાથ ગુફા પહોંચી ચુક્યા છે અને શિવલિંગના દર્શન કરી ચુક્યા છે. શ્રાઈન બોર્ડ દ્વારા ગુફામાં વિશેષ પુજાનુ આયોજન કર્યું હતુ. મોટી સંખ્યામાં બાળકો અને મહિલાઓ પણ હતી. કેટલાક સંતો પણ હતા. કેટલાક શ્રદ્ધાળુ જમ્મુથી



આ પુજામાં એસએએસબીના અધ્યક્ષ અને રાજ્યપાલ પણ હાજર રહ્યા હતા. ગુફા તરફ દોરી જતા માર્ગ પર શ્રદ્ધાળુઓ માટે આશ્રયસ્થાન બનાવી દેવામાં આવ્યા છે. શ્રદ્ધાળુઓને ખરાબ હવામાન હોવાની સ્થિતીમાં ત્યા રોકાવવા માટે કહેવામાં આવ્યું છે. ગુફામાં જવાના બે મોટા માર્ગો છે. પ્રથમ રસ્તો દક્ષિણ કાશ્મીરના નુનવાન (પહલગામ) અને બીજો રસ્તો ઉત્તરી કાશ્મીરના બાલટાલનો છે. પ્રથમ બે કાફલામાં ગઈકાલે સાંજેજ બાલટાલ બેઝ કેમ્પ ખાતે પહોંચી ગયા હતા. યાત્રીઓની સુવિધા માટે પુરતી સંખ્યામાં ટેન્ટની વ્યવસ્થા કરવામાંઆવ છે. છેલ્લા એક સપ્તાહથી સુરક્ષાની મજબુત વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક બે કિલોમીટર માર્ગ પર તબીબી વ્યવસ્થા કરવામાં આવી છે. બે મહિના સુધી ચાલનાર અમરનાથ યાત્રા રક્ષાબંધનના દિવસે પૂર્ણ થશે. પહલગામ રૂટને પણ ટુંકમાં ખોલી દેવામાં આવે તેવી શક્યતા છે.

## કટરા-ઉધમપુર માર્ગનું ચોથીએ ઉદ્‌ઘાટન થશે

જમ્મુ,તા. ૨૯

વિશ્વપ્રસિદ્ધ વૈષ્ણોદેવી ધાર્મિક સ્થળ ચોથી જુલાઈના દિવસે રેલવે માર્ગ સાથે જોડી દેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ કિલોમીટર લાંબા કટરા-ઉધમપુર રેલવે માર્ગનું ઉદ્‌ઘાટન કરશે. આનાથી વૈષ્ણોદેવીની યાત્રા ઉપર આવનાર કરોડો શ્રદ્ધાળુઓને ફાયદો થશે. સુત્રોના જણાવ્યા મુજબ નરેન્દ્ર મોદી ચોથી જુલાઈના દિવસે ટ્રેનને લીલીઝંડી બતાવશે. માતા વૈષ્ણોદેવીના દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. કટરાના રસ્તા મારફતે જ વૈષ્ણોદેવી જવાની ફરજ પડે છે. આ સેવા શરૂ થઈ ગયા બાદ શ્રદ્ધાળુઓને કટરા જવા માટે પરિવહનના અન્ય સાધનોનો ઉપયોગ કરવો પડશે નહીં. નરેન્દ્ર મોદીની સાથે રેલવેપ્રધાન સદાનંદ ગૌડા અને પીએમ ઓફિસમાં પ્રધાન જીતેન્દ્રસિંહ પણ રહેશે

## રોમાન્સને કોઈ વય નડતી નથી : વિદ્યા બાલન

મુંબઈ,તા. ૨

અભિનેત્રી વિદ્યા બાલન આગામી ફિલ્મ બોબી જાસૂસમાં ભૂમિકા ભજવવા જઈ રહી છે. બોબી જાસૂસમાં વિદ્યા બાલન એક જાસૂસ તરીકેની ભૂમિકામાં નજરે પડનાર છે. અનેક યાદગાર ફિલ્મોમાં કામ કરીને ઘણા એવોર્ડ જીતી ચુકેલી



વિદ્યા બાલનનું કહેવું છે કે, રોમાંસને લઈને કોઈપણ વય મર્યાદા નથી. આ ફિલ્મમાં તે તેનાથી ખુબ નાની વયના અભિનેતા અલી ફૈઝલ સાથે કામ કરી રહી છે. કેમેસ્ટ્રી સાથે વયને કોઈ લેવા દેવા નથી. તેનું કહેવું છે કે, તે ઈશ્કિયા ફિલ્મમાં નસીરુદ્દીન શાહ સાથે પણ કામ કરી ચુકી છે. ૩૬ વર્ષીય અભિનેત્રીનું કહેવું છે કે, પાત્રને સંપૂર્ણ ન્યાય આપવાની બાબત સૌથી મહત્વ પૂર્ણ છે. ડિટેક્ટિવ કોમેડી ફિલ્મ બોબી જાસૂસ મહિલા પાત્રની આસપાસની પટકથા છે. વિદ્યા બાલન આ ફિલ્મમાં મૂખ્ય અભિનેત્રી તરીકેની ભૂમિકા કરી રહી છે જ્યારે અલી ફૈઝલ અભિનેતાની ભૂમિકામાં છે. આ ફિલ્મનું નિર્દેશન સમીર શૈખ દ્વારા કરવામાં આવી રહ્યું છે. અભિનેત્રી દિયા મિર્ઝા અને તેના પ્રેમી સાહિલ સંઘા દ્વારા ફિલ્મનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. વિદ્યા બાલન મોટાભાગે મહિલા પ્રધાન ફિલ્મોમાં કામ કરવા માટે જાણિતી રહી છે. શાહરુખ, સલમાન અને આમીર સાથે તે કામ કરવા ઈચ્છુક છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા વિદ્યાએ કહ્યું હતું કે, જ્યારે પટકથા આવશે ત્યારે આ અંગે વિચારણા થશે. પોતાની કેરિયરને લઈને ક્યારેય કોઈ યોજના બનાવી નથી. માત્ર પટકથા પર ધ્યાન આપ્યું છે. જુદા જુદા નિર્માતા અને નિર્દેશકો સાથે કામ કરી ચુકી છે. ફિલ્મ કઇ છે અને કલાકારો કોણ છે તે તેના માટે વધારે મહત્વપૂર્ણ નથી. વિદ્યા બાલન શ્રેષ્ઠ ભૂમિકા માટે રાષ્ટ્રીય એવોર્ડ પણ જીતી ચુકી છે. તેની કહાની અને ડર્ટીપિક્ચર બોક્સ ઓફિસ ઉપર રેકોર્ડ સફળતા મેળવી ચુકી છે.

### આ વર્ષે ભારતીય સાયનાએ બીજી ટ્રોફી જીતી

## સ્ટાર સાયનાએ ઓસ્ટ્રેલિયન સુપર સિરિઝનો તાજ જીત્યો

સિડની,તા. ૨૯

ટોચની ભારતીય બેડમિન્ટન ખેલાડી સાઈના નહેવાલે આજે તેની યશકલગીમાં વધુ એક મોર પીછુ ઉમેરી લીધુ હતુ. નહેવાલે આજે રમાયેલી ફાઈનલ મેચમાં સ્પેનની કૈરોલાઈના મારિન પર ૨૧-૧૮, ૨૧-૧૧ની જીત મેળવી હતી. સીધા સેટોમાં સાયનાની જીત બાદ ભારતીય બેડમિન્ટન ચાહકોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું હતુ. સાયનાએ ઓસ્ટ્રેલિયન સુપર સીરીઝ જીતી લઈને નવો ઈતિહાસ સર્જયો છે. સાયના આ વર્ષે બે ટ્રોફી જીતી ચુકી છે. સાયનાએ અગાઉ દિલ્હીમાં ઈન્ડિયન ગ્રા પ્રિમાં જીત મેળવી હતી. લંડન ઓલિમ્પિકમાં કાંસ્ય ચન્દ્ર જીતી ચુકેલી સાયનાએ દુનિયાની નંબર ૧૧ ખેલાડી પર જીત મેળવી હતી. ૪૩ મિનિટ સુધી આ મેચ ચાલી હતી. છઠ્ઠી ક્રમાંકિત સાયના કૈરોલાઈના વચ્ચે આ અગાઉ માત્ર એક મેચ જ રમાઈ હતી. જે



ભારતીય ખેલાડી જીતી ગઈ હતી. ।મારિન પર સાયનાએ તેની લીડ ૨-૦ કરી લીધી છે. ૨૪ વર્ષીય સાયનાએ મારિન સામે કેટલાક શાનદાર શોટ્સ લગાવ્યા હતા. સાથે સાથે શાનદાર વોલીની રમત રમી હતી. શરૂઆતી ગેમમાં સાયનાએ ૫-૨ની લીડ મેળવી હતી. ૨૧ વર્ષીય મારિને જોરદાર લડત આપી હતી. મારિને પણ કેટલાક સ્ટ્રોક્સ રમ્યા હતા. પરંતુ તે સતત આવી રમત જાળવી શકી ન હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય બેડમિંટન ખેલાડી સાયના નેહવાલે ઓસ્ટ્રેલિયન સુપર સિરીઝની ત્રણ ગેમ સુધી ચાલેલી મહત્વપૂર્ણ મેચમાં દુનિયાની બીજા ક્રમની ખેલાડી અને ટોચની ક્રમાંક ધરાવતી ચીની ખેલાડી વેંગ શિજિયાન ઉપર ગઈકાલે જીત મેળવી હતી અને નવી આશા જગાવી હતી. છઠ્ઠી ક્રમાંકિત ભારતીય ખેલાડીએ એક કલાક અને ૧૬ મિનિટ સુધી ચાલેલી મેચમાં વેંગ ઉપર ગઈકાલે ૨૧-૧૯, ૧૬-૨૧, ૨૧-૧૫થી જીત મેળવી ફાઈનલમાં કુચ હતી. આજે સાયનાએ તેની શાનદાર રમત જારી રાખી હતી. સાયનાએ અગાઉ શિજિયાનની સામે તેનો રેકોર્ડ ૫-૩ કરી લીધો હતો. સાયનાએ આ અગાઉ ચીનની આ ખેલાડી સામે છેલ્લી બે મેચો ગુમાવી હતી જેમાં હાલની ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશીપનો સમાવેશ થાય છે.ઓસ્ટ્રેલિયન સુપર સીરિઝમાં ફાઈનલમાં પહોંચી ગયા બાદ સાયના નેહવાલ પાસેથી અપેક્ષાઓ વધી ગઈ હતી.

## બ્લેક મની : કેસ અંગે માહિતી આપવાનો સંસ્થાઓને આદેશ

નવીદિલ્હી,તા. ૨૯

કાળા નાણા અંગે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ) દ્વારા કરચોરીના તમામ મોટા કેસોની વિગત માંગી છે. જુદી જુદી તપાસ સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહેલી તપાસના મામલે સીટ દ્વારા માહિતી મેળવવામાં આવનાર છે. જુદી જુદી સંસ્થાઓ દ્વારા કરચોરી અને ફોજદારી ફાઈનાન્સિયલ કૌભાંડના મોટા કેસોમાં માહિતી મેળવી લીધા બાદ વધુ ઝડપથી તપાસ આગળ વધશે. સુત્રોનું કહેવું છે કે, સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ એમબી શાહના નેતૃત્વમાં સીટના અધિકારીઓએ તેની પેનલમાં ૧૧ વિભાગોને આ કેસોની વિગતો આપવા સૂચના આપી છે. સાથે સાથે તપાસની પ્રગતિ અંગે તેમજ પ્રોસીક્યુશન અથવા તો દંડ સુધી આ કેસોને લઈને જવામાં તપાસકારો દ્વારા સામનો કરવામાં આવી રહેલી સમસ્યાઓ અંગે પણ માહિતી આપવા કહેવામાં આવ્યું છે. સીટના સભ્યો પણ જુદા જુદા વિભાગના અધિકારીઓ પણ સામેલ છે જેમાં ડિપાર્ટમેન્ટ ઓફ રેવેન્યુ, આરબીઆઈ ઈન્ટેલિજન્સ બ્યુરો, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સીબીઆઈ, ઈન્કમટેક્સ વિભાગ, નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોનો સમાવેશ થાય છે. સુત્રોનું કહેવું છે કે, સીટ દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. કાળા નાણાના મામલામાં તપાસ કરવા તેની રચના કરવામાં આવી હતી.

## વધારે પડતી ફ્રાય ચીજવસ્તુ કેન્સરના ખતરાને વધારે છે

વોશિંગ્ટન, તા. ૨૯

અમેરિકામાં હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ખૂબ જ ફ્રાય કરવામાં આવેલા જુદા જુદા પ્રકારના ભોજન લેવાથી પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો વધી જાય છે. ફ્રેડ હચીસન કેન્સર રિસર્ચ સેન્ટરમાં તપાસકારો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે નિયમિતપણે ફ્રેન્ચ ફ્રાય, ફ્રાય ચીકન જેવી ચીજવસ્તુ ખાવાથી પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો વધી જાય છે. સાથે સાથે આની આડઅસર પણ ખૂબ જ ગંભીર હોય છે. રોગના વધુ આક્રામક સ્વરૂપ તરીકે આની અસર દેખાઈ આવે છે જેના કારણે વધુ તકલીફ ઊભી થાય છે. અગાઉના અભ્યાસમાં સૂચન



કરવામાં આવ્યું હતું કે ઊંચા તાપમાન ઉપર બનાવવામાં આવેલી ચીજવસ્તુઓ ખાવાથી પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો વધી જાય છે. હવે નવા અભ્યાસમાં પણ આ બાબતને સમર્થન મળ્યું છે. આમા જણાવવામાં આવ્યું છે કે ફ્રાય ચીજવસ્તુઓ નુકસાનકારક સાબિત થાય છે. વધારે ફ્રાય કરવામાં આવેલી ચીજવસ્તુઓ ખાવાથી નુકસાનને લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. પ્રોસ્ટેટ કેન્સર રિસર્ચમાં સહનિર્દેશકના જણાવ્યા મુજબ જે લોકો વધુ પ્રમાણમાં અથવા તો સપ્તાહમાં એક વખત વધારે પડતી ફ્રાય કરેલી ચીજવસ્તુઓ ખાય છે તે લોકોને રોગનો ખતરો વધી જાય છે. આમા પણ ફ્રેન્ચ ફ્રાય, ફ્રાયડ ચીકન, ફ્રાયડ ફ્રીસ વધારે ખતરનાક સાબિત થઈ શકે છે. પુરુષોની સરખામણીમાં મહિલાઓને આ રોગની વધારે અસર થાય છે. મોટી સંખ્યામાં લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના તારણ બાદ આ બાબત જાણવા મળી છે. સંશોધકોએ ઘણા બધા પરિબળો ધ્યાનમાં લીધા હતા જે પૈકી વય, વંશ, પ્રોસ્ટેટ કેન્સરના પારિવારિક ઈતિહાસ, બોડીમાસ ઈન્ડેક્સ અને પીએસએ સ્ક્રીનીંગ જેવી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી હતી. પ્રોસ્ટેટ કેન્સર અને પસંદગીની ડીપ ફ્રાય ચીજવસ્તુઓ વચ્ચે સીધો સંબંધ રહેલો છે. અભ્યાસના તારણો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વધુ અભ્યાસની જરૂર હોવીની વાત પણ આમા કબૂલવામાં આવી છે.

## પરિણિતી વૈકલ્પિક કેરિયર ઉપર પણ સતત વિચારે છે

મુંબઈ,તા. ૨

ઉભરતી અભિનેત્રી પરિણીતી ચોપડાને બોલીવુડની ફિલ્મો હાથ લાગી રહી છે પરંતુ તે નવી અભિનેત્રીઓ વચ્ચેની સ્પર્ધાને લઈને ચિંતિત પણ દેખાઈ રહી છે. આજ કારણસર તે વૈકલ્પિક કેરિયરને લઈને સાવધાન થયેલી છે. પરિણીતી ચોપડા બેંકિંગ સેક્ટરને વૈકલ્પિક કેરિયર તરીકે ગણે છે. વિતેલા વર્ષોમાં આ ક્ષેત્રમાં તે સક્રિય રહી ચુકી છે. તેનું કહેવું છે કે, બેંકિંગ સેક્ટર તેના માટે ફેવરિટ તરીકે છે. ૨૫ વર્ષીય અભિનેત્રીનું કહેવું છે કે, તે બેકઅપ પ્લાન ધરાવે છે. દરેક વ્યક્તિએ આવી એક યોજના તૈયાર કરવી જોઈએ. હાલના દિવસોમાં તેની ફિલ્મો બોક્સ ઓફિસ ઉપર ફલોપ સાબિત થઈ રહી છે. તેનું કહેવું છે જે જ્યારે ફિલ્મોમાં સફળતા હાથ લાગશે નહીં ત્યારે બેંકિંગ સેક્ટરમાં પરત ફરશે. ઘર ચલાવવા માટે બેંકિંગ તેના માટે સુરક્ષિત વિકલ્પ તરીકે છે. પરિણિતી એક વખતે આશાસ્પદ ઈન્વેસ્ટમેન્ટ બેંકર તરીકે રહી ચુકી છે અને યશરાજ ફિલ્મમાં માર્કેટિંગ પ્રોફેશનલ તરીકે કામ કરી ચુકી છે. તેની ફિલ્મોને સારો પ્રતિસાદ હાલના સમયમાં મળી રહ્યો છે. કેટલાક લોકો અને નિર્માતા નિર્દેશકો પરિણિતીને લકી અભિનેત્રી તરીકે ગણાવે છે.